પ્રાપ્તિ તારીખ	:	૧૧–૧૦–૨૦૧૭		
નોંધ્યા તારીખ	:	૧૧–૧૦–૨૦૧૭		
ફેંસલ તારીખ	:	૧૬–૦૧–૨૦૨૦		
સમયગાળો	:			
		વર્ષ	માસ	દિવસ

અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં, કોર્ટ નં.૩૨, (નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કોર્ટ), અમદાવાદ.

<u>ફોજદારી કેસ નં. ૬૪૯૧૩/૨૦૧૭</u>

આંક : ૨૩

જયેશભાઈ ચંદુલાલ શાહ
તે યુનિવર્સલ ઈન્ડીયા કું. ના ભાગીદાર તથા
પાવર ઓફ એટર્ની હોલ્ડર,
ઉ.વ. ૬૨, ધંધો : વેપાર,
ઠેકાણું: ૨૫૮, ઈવા હાઉસ, પતાસા પોળના નાકે,
દેનાબેંકની સામે, ગાંધી રોડ, અમદાવાદ.

ફરીયાદી

વિ રુ ધ્ધ

હરીવદન ભાસ્કરભાઈ ભટ્ટ,
ઉ.વ. પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો :
ઠેકાણું : ઘર નં. ૨૦૨૩, ઢાળની પોળ,
આશાપુરી માતાનો ખાંચો, આસ્ટોડીયા દરવાજા,
અમદાવાદ. **આરોપી**

<u>ગુન્હો: ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ની કલમ – ૧૩૮ મુજબનો</u>

ફરીયાદી તરફે વિ. વકીલ શ્રી પી. ડી. ડબગર

આરોપી તરફે વિ. વકીલ શ્રી ગુલુમલ જી. થધાણી

-:: ઠ રા વ ::-

૧. આ કેસમાં ફરિયાદ પક્ષની ટુંકમાં હકિકત એવી છે કે, **જયેશભાઈ ચંદુલાલ શાહ** યુનિવર્સલ ઈન્ડીયા કાું. નામની ભાગીદારી પેઢીનાં ભાગીદાર છે. જયેશભાઈ અને **હરીવદન ભાસ્કરભાઈ ભટ્ટ *(આરોપી)*** મિત્રો હોવાથી એકબીજાને ઘણા વર્ષોથી ઓળખે છે. આરોપીને ડીસેમ્બર-૨૦૧૬માં તેઓની બિમારીના સમયે નાણાંની આકસ્મીક જરૂરીયાત પડતાં ફરિયાદીએ રૂા.૫,૦૦૦/- રોકડા અને તા.૮-૧૨-૨૦૧૬ થી તા.૧૦-૩-૨૦૧૭ સુધી ચેક ધ્વારા ટુકડે ટુકડે રૂા.૧,૯૫,૦૦૦/-, એમ કુલ રૂા.૨,૦૦,૦૦૦/-, હાથ ઉછીના આરોપીને આપેલા. આરોપીએ આ રકમની અંશત: પરત ચૂકવણી માટે યુનિવર્સલ ઈન્ડીયા કાું. ***(ફરિયાદી)*** ની તરફેણમાં ધી યુનાઈટેડ કો.ઓ.બેંક લી., રાયપુર શાખા, અમદાવાદના તા.૧૬-૮-૨૦૧૭ના રોજનો રૂા.૫૦,૦૦૦/-ના એક એવા ૩ ચેકો (ચેક નં. ૨૨૨૫૦૨, ૨૨૨૫૦૩ અને ૨૨૨૫૦૪) આપેલા. આ ચેકો ફરિયાદીએ તેઓની સારંગપુર કો.ઓ.બેંક લીમીટેડ, સારંગપુર શાખા, અમદાવાદમાં જમા કરાવતાં તા.૧૭-૮-૨૦૧૭ ના રોજ *''ફંડ ઈનસફીશીયન્ટ''* ના શેરા સાથે પરત આવેલા. ત્યારબાદ, ફરીયાદીએ તા.૮-૯-૨૦૧૭ના રોજ આરોપીને આર.પી.એ.ડી.થી તેમજ કુરીયરથી કાયદાકીય નોટીસ મોકલાવેલ, જે આરોપીને તા.૧૧-૯-૨૦૧૭ના રોજ બજી ગયેલ. આરોપીને નોટીસ બજવા છતાં, તેઓએ નિયત સમય મર્યાદામાં ચેકના નાણાં ચુકવી આપેલ નહીં. આથી, ફરિયાદી ધ્વારા વટાવખત અધિનિયમ, ૧૮૮૧ની ***(ટુંકમાં અધિનિયમ)*** કલમ-૧૩૮ મુજબની ગુન્હાની ફરિયાદ અત્રેની અદાલતમા તા. ૧૧-૧૦-૨૦૧૭ ના રોજ આરોપી વિરુધ્ધ રજુ કરેલ.

૨. હાલની ફરિયાદ રજુ થતાં અમારા પુરોગામી વિધ્વાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપી વિરુધ્ધ ગુનાનું સંજ્ઞાન લઈ ફરિયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરેલ અને આરોપી વિરુધ્ધ અધિનિયમની કલમ ૧૩૮ મુજબના ગુનાનો સમન્સ ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૦૪ અન્વયે કાઢવાનો હુકમ

કરવામાં આવેલ. આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ વકિલશ્રી મારફતે કોર્ટમાં હાજર થયેલ અને તેઓને ફરિયાદની નકલ મળ્યાની ખાતરી કરી સંહિતાની કલમ ૨૫૧ મુજબ આંક–૮ થી પ્લી નોંધવામાં આવેલ. આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ હતી.

૩. ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

: મૌખિક પુરાવા :

અ.નં.	વિગત	આંક
૧	ફરીયાદી જયેશભાઈ ચંદુભાઈ શાહની સોગંદ ઉપર જુબાની	૦૩

: દસ્તાવેજી પુરાવા :

અ.નં.	વિગત	આંક
૧	તકરારી અસલ ચેક નં. ૨૨૨૫૦૨	૧૦
૨	તકરારી અસલ ચેક નં. ૨૨૨૫૦૩	૧૧
૩	તકરારી અસલ ચેક નં. ૨૨૨૫૦૪	૧૨
૪	તા.૧૫–૧૧–૨૦૧૬ની પ્રોમીસરી નોટ	૧૩
૫	તા.૧૧–૦૩–૨૦૧૭ની પ્રોમીસરી નોટ	૧૪
૬	તકરારી ચેક નં. ૨૨૨૫૦૨ નો રીર્ટન મેમો	૧૫
૭	તકરારી ચેક નં. ૨૨૨૫૦૩ નો રીર્ટન મેમો	૧૬
૮	તકરારી ચેક નં. ૨૨૨૫૦૪ નો રીર્ટન મેમો	૧૭
૯	કલમ – ૧૩૮ની નોટીસની સ્થળપ્રત	૧૮
૧૦	નોટીસ રજી.એ.ડી. કરેલ તેની સફેદ પાવતી	૧૯
૧૧	નોટીસ કુરીયર કરેલ તેની પહોંચ	૨૦
૧૨	એકનોલેજમેન્ટ	૨૧

૪. ત્યારબાદ, ફરીયાદ પક્ષ તરફથી વધારે કોઈ પુરાવો રજૂ કરવા માંગતા ન હોય આંક–૨૨ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરતા, તેઓનો પુરાવો બંધ કરવામાં આવેલો.

૫. ફરીયાદ પક્ષનો પુરાવો બંધ થતાં, સંહિતાની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાની હકિકતોનો મહંદ અંશે ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, વાદગ્રસ્ત ચેકો ધંધાની સીકયોરીટી પેટે આપેલા જેનો ફરિયાદીએ દુરુપયોગ કરેલ છે. આ કામે આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવના સાહેદ તપાસવા નથી તેવી રજુઆત કરેલ છે.

૬. બંને વિધ્વાન વકિલશ્રીઓને સાંભળ્યા. દલીલ દરમ્યાન કોઈ પણ વિ.વ.શ્રીએ નામદાર સર્વોચ્ચ કે નામદાર વડી અદાલતનાં કોઈ ચુકાદા રજુ કરેલ નથી.

૭. કેસની હકીકતો ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– : મુદ્દાઓ : –

<u>મુદ્દા નં. ૧</u>

શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે, ફરિયાદીના કાયદેસરના લેણાં રૂા.૨,૦૦,૦૦૦/– ની આંશિક ચુકવણી માટે આરોપી ધ્વારા ફરિયાદીની તરફેણમાં ધી યુનાઈટેડ કો.ઓ.બેંક લી., રાયપુર શાખા, અમદાવાદના તા.૧૬–૮–૨૦૧૭ના રોજના રૂા.૫૦,૦૦૦/–ના એક એવા ૩ ચેકો – નં. ૨૨૨૫૦૨, ૨૨૨૫૦૩ અને ૨૨૨૫૦૪ વાળા – આપેલા જે ચેકો ફરિયાદીએ તેઓની સારંગપુર કો.ઓ. બેંક લીમીટેડ, સારંગપુર શાખા, અમદાવાદમાં જમા કરાવતાં સદર ત્રણેય ચેકો તા.૧૭–૮–૨૦૧૭ ના રોજ *''ફંડ ઈનસફીશીયન્ટ''*ના શેરા સાથે પરત આવેલ જની ફરિયાદીએ તા.૮–૯–૨૦૧૭ ના રોજ આરોપીને આર.પી.એ.ડી. તેમજ કુરીયરથી કાયદાકીય નોટીસ મોકલાવેલ જે આરોપીને તા.૧૧–૯–૨૦૧૭ ના રોજ બજી ગયેલ, તેમ છતાં આરોપીએ કાયદાકીય સમય મર્યાદામાં ચેકોનાં નાણાં નહીં ચૂકવીને અધિનિયમની કલમ ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

<u>મુદ્દા નં. ૨.</u> શું હુકમ ?

૮. ઉપરોકત જણાવેલ મુદ્દાઓના હવે પછી જણાવેલ કારણોને આધારે આ અદાલતનાં નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં (૨) આખરી હુકમ મુજબ.

<u>: : : કા ર ણો : : :</u>

<u>મુદ્દા નં. ૧ :–</u>

૯. આ કામમાં ફરિયાદ પક્ષના પુરાવાની ચર્ચા કરતાં પહેલાં અત્રેની અદાલતને સૌ પ્રથમ અધિનિયમની કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર કરવા માટે જે હકિકતો પુરવાર કરવી પડે તે ધ્યાને લેવી જરૂરી જણાય છે. અધિનીયમની કલમ ૧૩૮ ધ્યાને લેતાં, ફરિયાદીએ નીચે મુજબની હકિકતો પુરવાર કરવી પડે.

(૧) આરોપીએ ફરિયાદીને કાયદેસરના લેણાંના ચુકવણાં પેટે ચેક આપેલ હતો,

(૨) આ ચેક, મથાળે દર્શાવેલ તારીખથી ૬ માસ કે કાયદા મુજબ નિયત સમય મર્યાદા બંનેમાંથી જે વહેલાં હોય તે મુદત, સુધીમાં રજુ કરવામાં આવેલ હતો,

(૩) ચેક સ્વીકાર્યા વગર / વણ ચુકવાયેલ પરત ફરેલ હતો,

(૪) ફરિયાદીએ તેઓને ચેક પરત થયાની જાણ થયેથી દિન–૩૦માં કાયદેસરની નોટીસ આપેલ હતી,

(૫) આરોપીએ નોટીસ મળ્યા છતાં દિન–૧૫ માં પરત ફરેલ /વણ ચુકવાયેલ ચેકના નાણાં ચુકવેલ નથી અને સદર દિન–૧૫ બાદ, ફરિયાદીએ એક માસમાં ફરિયાદ દાખલ કરેલ છે.

૧૦. અત્રે, અધિનિયમની કલમ–૧૧૮, ૧૩૮ અને ૧૩૯ ના અનુમાનો કેવી રીતે કરવાં અને બચાવપક્ષે સદર કાયદાકીય અનુમાનોનું ખંડન કેવી રીતે કરવું જોઈએ તે સબબના કાયદાકીય સિધ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી છે. આ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતનો માનનીય ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠનો **રંગઅપ્પા વિ. શ્રી મોહન, એઆઈઆર ૨૦૧૦ એસસી ૧૮૯૮** નો ચુકાદો લક્ષમાં લેવો આ અદાલતને જરૂરી જણાય છે. આ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ અધિનીયમની કલમ–૧૩૯ના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ અને તેમાં નામદાર અદાલતે અધિનીયમની કલમો–૧૧૮, ૧૩૮ અને ૧૩૯ની જોગવાઈઓ ધ્યાને લઈને, ફકરા નં. ૧૪ માં એવુ નોંધેલ છે કઃ *"In the light of these extracts, we are in agreement with the respondent-claimant that the presumption mandated by section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability."* સદર ચુકાદમાં એવુ પણ નોંધવામાં આવેલ છે કઃ *"It is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of 'preponderance of probabilities.' Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail.''* નામદાર સર્વોચ્ચ અદાલતનો અન્ય એક ચુકાદો જોઈએ તો, નામદાર સર્વોચ્ચ અદાલતે **ટી.વસંથાકુમાર વિ. વિજયકુમારી, ૨૦૧૫ ક્રિ.લો.જ.૨૮૫૩** ના ચુકાદામાં સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે જો ચેક અને ચેક ઉપરની સહી પુરવાર થઈ જાય અને આરોપી ધ્વારા તે બાબતે કોઈ તકરાર લેવામાં ન આવે તો, ફરિયાદીની તરફેણમાં કલમ ૧૩૯ના અનુમાનો ઉપસ્થિત થશે. આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો તે હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે કે જો વાદગ્રસ્ત ચેકમાં આરોપીની સહી પુરવાર થાય તો અત્રેની અદાલતે કલમ–૧૧૮ અને કલમ ૧૩૯ મુજબના અનુમાનો કરવાના રહે.

૧૧. આમ, પ્રસ્થાપિત કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લેતાં, સૌ પ્રથમ અત્રેની અદાલતે એ નિર્ણિત કરવાનું રહયું કે, *આ કામે વાદગ્રસ્ત ચેકોનું એકઝીકયુશન પુરવાર થાય છે કે નહીં?* જો ફરિયાદી વાદગ્રસ્ત ચેકોનું એકઝીકયુશન પુરવાર કરે તો ફરિયાદીની તરફેણમાં અધિનીયમની કલમ ૧૧૮ અને ૧૩૯ના અનુમાનો ઉપસ્થિત થશે.

૧૨. આ પ્રશ્નનાં સંદર્ભે સૌ પ્રથમ જોઈએ તો, ફરિયાદ પક્ષનો કેસ એવો છે કે તેઓ અને આરોપી મિત્ર થતાં હોય અને ડિસેમ્બર–૨૦૧૬માં આરોપીને આકસ્મીક નાણાંની જરૂરીયાત પડતાં તેઓએ રૂા.૫,૦૦૦/– રોકડા અને તા.૮–૧૨–૨૦૧૬ થી તા.૧૦–૩–૨૦૧૭ સુધી ટુકડે ટુકડે ચેક ઘ્વારા આરોપીને રૂા.૧,૯૫,૦૦૦/–, એમ કુલ મળી રૂા. ૨,૦૦,૦૦૦/–, હાથ ઉછીના આપેલા. ફરિયાદીનો વઘુમાં કેસ એવો પણ છે કે સદર નાણાંની ફરિયાદી ઘ્વારા પરત માંગણી થતાં આરોપીએ પાર્ટ પેમેન્ટ પેટે ધી યુનાઈટેડ કો.ઓ.બેંક લી., રાયપુર શાખા, અમદાવાદના તા.૧૬–૮–૨૦૧૭ ના રોજના રૂા.૫૦,૦૦૦/– ના એક એવા ૩ ચેકો – નં. ૨૨૨૫૦૨, ૨૨૨૫૦૩ અને ૨૨૨૫૦૪ – ફરિયાદી – યુનિવર્સલ ઈન્ડીયા કાું. – ભાગીદારી પેઢીના નામાના સહી કરીને આપેલા.

૧૨.૧ ફરિયાદીએ આ જ હકિકત તેઓના આંક–૩ના સોગંદનામામાં જણાવેલ છે એટલે કે ફરિયાદીએ સર તપાસમાં તેઓના કેસની હકિકતને વળગી રહેલ છે. ફરિયાદીએ સર તપાસમાં ફરિયાદમાં જ જણાવેલ હકીકતો જણાવેલ હોય તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદીએ તેઓની સર તપાસમાં સોગંદ ઉપર જે કથન કરેલ છે તે કથન જોવામાં આવે તો ફરિયાદીએ તેઓની સર તપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે તહોમતદારે પોતાની સહી કરી ચેકો આપેલા તેમજ આ ૩ ચેકોમાં તહોમતદારની સહી ઓળખી બતાવેલ છે. આ વાદગ્રસ્ત ચેકો ફરિયાદી તરફે આંક – ૧૦ થી ૧૨ ઘ્વારા રજુ થયેલ છે.

૧૨.૨ ફરિયાદીની સરતપાસમાં જણાવેલ હકિકત ધ્યાને લેતાં અત્રેની અદાલતે હવે એ જોવાનું રહયું કે, ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન આરોપી એવી કોઈ હકિકત કઢાવી શકેલ છે કે જેથી કરીને એવુ માની શકાય કે આ ચેકોનું એકઝીકયુશન આરોપી ધ્વારા કરવામાં આવેલ નથી. આ સંદર્ભે ફરિયાદીની સમગ્ર ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો, આરોપીએ વાદગ્રસ્ત ચેકમાં તેઓની સહી નથી તેવી કોઈ તકરાર જ લીધેલ નથી કે બચાવ લીધેલ નથી. એટલે કે, એવુ કહી શકાય કે ફરિયાદીનું સોગંદ ઉપરનું કથન કે વાદગ્રસ્ત ચેકોમાં આરોપીની સહી છે તે પડકાર્યા વગરનું છે. ફરિયાદીની ઉલટ તપાસમાં આરોપી માત્ર એવી હકિકત લાવી શકેલ છે કે વાદગ્રસ્ત ચેકોમાં યુનિવર્સલ ઈન્ડિયા કંપની હસ્તાક્ષરમાં લખેલ નથી પરંતુ તેના ઉપર યુનિવર્સલ ઈન્ડિયા કંપનીનો સીકકો મારેલ છે પરંતુ ઉલટ તપાસમાં આવતી આટલી હકીકત માત્રથી એવુ માની શકાય નહીં કે ચેકો આરોપીએ આપેલા નથી, ખાસ કરીને ત્યારે કે જયારે આરોપીનો બચાવ એવો છે કે તેઓએ આ ચેકો ધંધાના સીકયોરીટી પેટે આપેલાં. એ હકિકત પણ નોંધવી જરૂરી છે કે ફરિયાદી ધ્વારા આરોપીએ કરેલ સૂચન કે તેઓએ ધંધાના સીકયોરીટી માટે ચેકો આપેલા તેનો ફરિયાદીએ સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. આમ, આરોપીએ ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન ચેકો સીકયોરીટી પેટે આપેલ તેવુ કેસના રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલ છે પરંતુ તેમાં સફળ રહેલ નથી. આરોપીનું આ સુચન જોઈએ તો એવુ કહી શકાય કે આરોપીનો બચાવ એવો નથી કે ચેક તેઓના નથી. આ સૂચન ધ્યાને લેતાં એવુ ચોકકસ પણે કહી શકાય કે ચેકો આરોપીએ જ ફરિયાદીને આપેલા છે. આરોપીએ તેઓના વિશેષ નિવેદનમાં પણ ચેકો સીકયોરીટી પેટે આપેલ તેવુ જણાવેલ છે અને આરોપીએ તેનો દુરુપયોગ કરેલ છે તેવો બચાવ લીધેલ છે પરંતુ આરોપીએ એવો બચાવ પુરવાર કરી શકેલ નથી કે ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન આવી કોઈ હકિકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

૧૨.૩ આમ, આ કામે રજૂ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, અત્રેની અદાલત એવા તારણ ઉપર આવે છે કે આ કામે વાદગ્રસ્ત ચેકોનું એકઝીકયુશન આરોપી ધ્વારા થયેલુ છે તેવુ ફરિયાદી પુરવાર કરે છે.

૧૨.૪ ઉપરોકત તારણ ધ્યાને લઈએ તો ફરિયાદીની તરફેણમાં અધિનિયમની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનો ઉપસ્થિત થાય છે એટલે કે આરોપીએ વાદગ્રસ્ત ચેકો ફરિયાદીના કાયદેસરના લેણાં ચૂકવવા માટે આપેલા અને ફરિયાદી તેના પેયી/ધારક છે.

૧૩. હવે અત્રેની અદાલતે એ જોવાનું રહ્યું કે, આરોપી આ અનુમાનોનું ખંડન કરે છે કે નહીં? આગળ નોંધયા મુજબ, આ કામે આરોપીએ કોઈ પુરાવો રજૂ કરેલ નથી પરંતુ કાયદાકીય સિધ્ધાંતો ધ્યાને લઈએ તો એ હકીકત સુપ્રસ્થાપિત છે કે આરોપીએ પોતાનો બચાવ પુરવાર કરવા માટે આરોપીના પીંજરામાં આવવાની જરૂર નથી કે સાહેદ તપાસવાની પણ જરૂર નથી અને તેઓ ફરિયાદીના પુરાવાને આધારે પણ પોતાનો બચાવ પુરવાર કરી શકે. આ સિધ્ધાંત ધ્યાને લઈએ તો અત્રેની અદાલતે ફરિયાદીનો પુરાવો વંચાણે લેવાનો રહે.

૧૩.૧ ફરિયાદીનો પુરાવો ધ્યાને લેતાં એવુ સ્પષ્ટ ફલિત થાય છે કે, ફરિયાદીએ આરોપીના વાદગ્રસ્ત ચેકોનો દુરુપયોગ કરેલ હોય અથવા તો આરોપીએ ચેકો ફરિયાદીને સીકયોરીટી પેટે આપેલ હોય તેવી કોઈ જ હકિકત રેકર્ડ ઉપર આરોપી લાવી શકેલ નથી. ફરિયાદીની સમગ્ર ઉલટ તપાસમાં આરોપીએ આ સંદર્ભે માત્ર એક સુચન કે આરોપીએ ધંધાના સીકયોરીટી પેટે આપેલ ચેકોનો દુરુપયોગ કરેલ છે તેવુ કરેલ છે જેનો ફરિયાદીએ સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. આમ, આરોપી પોતાના બચાવ સંદર્ભે ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન કોઈ ખાસ હકિકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી એટલે કે આરોપીનો બચાવ ગ્રાહય રાખી શકાય તેમ નથી. વધુમાં જોઈએ તો, આરોપીએ કયા ધંધા માટે ચેકો સીકયોરીટી પેટે આપેલ તેવુ પણ રેકર્ડ ઉપર લાવેલ નથી તેમજ આરોપી પોતે શું ધંધો કરે છે તે બાબતે પણ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, આરોપીએ પોતાના બચાવ પુરવાર કરેલ નથી.

૧૪. આરોપી દ્વારા ફરિયાદીની કરવામાં આવેલ ઉલટ તપાસ ટુંકમાં જોઈએ તો, ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે તેઓ ફુડ આઈટમોનો ધંધો કરે છે પરંતુ તેના કોઈ પુરાવા રજૂ કરેલ નથી તેમજ તહોમતદાર શું ધંધો કરે છે તેનો કોઈ પુરાવો રજૂ કરેલ નથી, તે હકીકતનો પણ સ્વીકાર કરેલ છે. ફરિયાદીની ઉલટ તપાસમાં જણાવેલ આ હકિકત વંચાણે લઈ આરોપીના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે કે જયારે આ કેસના રેકર્ડ ઉપર ફરિયાદી અને આરોપી શું ધંધો કરે છે તે સ્પષ્ટપણે ફલિત થતુ ન હોય ત્યારે ફરિયાદીનું કાયદેસરનું લેણું માની શકાય નહીં. આરોપીના વિ.વ.શ્રીની આ દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી કારણ કે આ કેસમાં ફરિયાદીની તરફેણમાં કાયદેસરના અનુમાનો ઉપસ્થિત થયેલ છે તેનો બચાવ પક્ષ દ્વારા ખંડન કરાયેલ નથી અને માત્ર આરોપી કે ફરિયાદી શું ધંધો કરે છે તેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર સંપૂર્ણપણે ન આવવાથી ફરિયાદીનું લેણું કાયદેસરનું નથી તેવુ માની શકાય નહીં. વધુમાં જોઈએ તો ફરિયાદીનો લેણાંનો કેસ ધંધાકીય વ્યવહાર અંગેનો નથી પરંતુ આર્થિક મદદનો છે જેથી ધંધાકીય હકીકતોના ઉલ્લેખનું કોઈ ખાસ મહત્વ રહેતું નથી.

૧૫. ફરિયાદીની ઉલટ તપાસમાં આરોપી દ્વારા એવી હકીકત લાવવા પ્રયત્ન કરેલ છે કે, ડીસેમ્બર–૨૦૧૬માં નોટબંધી આવેલી અને તેઓએ આરોપીને જુની નોટો નવી નોટોથી બદલવા આપેલી પરંતુ આ સંદર્ભે ફરિયાદીએ ખુલાસો કરેલ છે કે તેઓએ આરોપી સાથેનો વ્યવહાર ચેકથી કરેલો. ફરિયાદીની ઉલટ તપાસમાં આવતી આ હકિકતો આરોપીના કેસ કે બચાવ સાથે સુસંગત નથી. વધુમાં જોઈએ તો ફરિયાદીનો કેસ શરૂઆતથી જ રૂા.૧,૯૫,૦૦૦/– ચેકથી આપ્યાનો છે અને આરોપી દ્વારા તેને પડકારવામાં આવેલ નથી. આમ, આરોપી દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલ આ હકીકત પણ બચાવ સાથે સુસંગત નથી અને મહત્વની નથી.

૧૬. ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન તેઓએ એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે તેઓ ભાગીદારીથી ધંધો કરે છે તનો કરાર થયેલ નથી અને એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે તેઓ ફરિયાદીની પેઢીમાં ભાગીદાર નથી. ફરિયાદી ધ્વારા એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ રજૂ કરેલ પ્રોમીસરી નોટમાં જયેશ ચંદુલાલ શાહનું નામ છે જયારે ચેકો યુનિવર્સલ ઈન્ડિયા કંપનીના છે. ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન આવતી આ હકીકત વંચાણે લઈ, આરોપી ધ્વારા દલીલ કરવામાં આવેલ છે કે પ્રોમીસરી નોટ અને ચેકો જોવામાં આવે તો લેણું અલગ અલગ વ્યકિતનું હોય તેવુ ફલિત થાય છે અને પરિણામે હાલનુ લેણું કાયદેસરનું ન હોય, આરોપીને છોડી મુકવા જોઈએ. એ હકિકત નિર્વિવાદીત છે કે, આ કામે રજુ કરેલ પ્રોમીસરી નોટમાં લખાવી લેનાર તરીકે જયેશ ચંદુલાલ શાહનું નામ છે પરંતુ ચેકોમાં યુનિવર્સલ ઈન્ડિયા કંપનીનુ નામ છે પરંતુ આ કામે ફરિયાદ જોવામાં આવે તો હાલની ફરિયાદ જયેશભાઈ ચંદુલાલ શાહે યુનિવર્સલ ઈન્ડિયા કંપનીના ભાગીદાર તરીકે દાખલ કરેલ છે. આમ, હાલની ફરિયાદ પેઈ–હોલ્ડર ઈન ડયુ કોર્સ ધ્વારા જ કરવામાં આવેલ છે. વધુમાં ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં પણ યુનિવર્સલ ઈન્ડિયા કંપની ભાગીદારી પેઢી છે તે હકિકતને વળગી રહેલ છે અને તેઓ તેના ભાગીદાર છે તે હકિકતોને પણ વળગી રહેલ છે. આરોપી યુનિવર્સલ ઈન્ડિયા કું. ભાગીદારી પેઢી નથી અથવા તો ફરિયાદી તેના ભાગીદાર નથી તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ આરોપીની આ દલીલ પણ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

૧૭. ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન આ સિવાય અન્ય કોઈ હકિકત રેકર્ડ આવેલ નથી કે આરોપી તરફે અન્ય કોઈ દલીલ પણ કરેલ નથી.

૧૮. આમ, આ કામે રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં, અત્રેની અદાલતનું એવુ માનવુ છે કે ફરિયાદી વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરેલ છે કે આરોપીએ ફરિયાદીનું કાયદેસરનું લેણું ચુકવવા માટે જ વાદગ્રસ્ત ચેકો આપેલાં હતાં.

૧૯. હવે કલમ ૧૩૮ના અન્ય તત્વો પુરવાર થાય છે કે નહીં તે બાબતે ફરિયાદીનો પુરાવો જોઈએ તો ફરિયાદીનો કેસ એવો છે કે વાદગ્રસ્ત ચેકો તારીખ: ૧૬–૮–૨૦૧૭ ના હતા જે તા.૧૭–૮–૨૦૧૭ના રોજ પરત ફરેલા. ફરિયાદીએ આ જ હકિકત તેઓના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે તેમજ વાદગ્રસ્ત ચેકો આંક–૧૦ થી ૧૨ અને રીટર્ન મેમો આંક–૧૫ થી ૧૭ ધ્વારા રજૂ કરેલ છે. ફરિયાદીએ તેઓના પુરાવામાં જણાવેલ આ હકિકતનું બચાવ પક્ષ ધ્વારા ખંડન કરવામાં આવેલ નથી કે આ સંદર્ભે કોઈ ઉલટ તપાસ પણ કરવામાં આવેલ નથી. આ કામે ફરિયાદીએ રજૂ કરેલ પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, એવુ પુરવાર થાય છે કે ફરિયાદીએ વાદગ્રસ્ત ચેકો નિયત સમય મર્યાદામાં તેઓના ખાતામાં જમા કરાવેલા અને આ ચેકો તારીખ: ૧૭–૮–૨૦૧૭ના રોજ *'અપૂરતા ભંડોળ'* ના કારણે પરત આવેલા. આમ, અધિનીયમની કલમ ૧૩૮(એ) ની જોગવાઈનું આ કામે પાલન થયેલ છે.

૧૯.૧ ફરિયાદીનો વધુમાં કેસ એવો છે કે તેઓએ તા.૧૭–૮–૨૦૧૭ના રોજ ચેકો પરત આવતાં, તા.૮–૯–૨૦૧૭ના રોજ આરોપીને કાયદાકીય નોટીસ આપેલ જે નોટીસ તા.૧૧–૯–૨૦૧૭ ના રોજ આરોપીને બજી ગયેલી. ફરિયાદીએ આ જ હકિકત તેઓના પુરાવાના સોગંદનામામાં જણાવેલ છે અને નોટીસની સ્થળપ્રત પોસ્ટલ વિન્ડો સ્લીપ, કુરીયરની પહોંચ અને આરપીએડી સ્લીપ અનુક્રમે આંક–૧૮,૧૯, ૨૦,૨૧ થી રજૂ કરેલ છે. આરોપી ધ્વારા ફરિયાદીએ સોગંદ ઉપર જણાવેલ આ હકિકતોને પડકારેલ નથી એટલે કે આ હકિકતો પણ પડકાર્યા વગરની છે જેથી નહીં માનવાને અત્રેની અદાલતને કોઈ કારણ જણાઈ આવતુ નથી. ફરિયાદીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા પણ ફરિયાદીના મૌખિક કથનને સંપૂર્ણપણે સમથર્ન આપે છે. આમ, આ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં એવુ પુરવાર થાય છે કે તા.૧૭–૮–૨૦૧૭ ના રોજ વાદગ્રસ્ત ચેકો પરત આવતાં ફરિયાદીએ આરોપીને તા.૮–૯–૨૦૧૭ના રોજ આર.પી.એ.ડી.થી નોટીસ મોકલાવેલ જે તેઓએ તા.૧૧–૯–૨૦૧૭ના રોજ મળી ગયેલી. આમ અધિનીયમની કલમ ૧૩૮(બી) ની જોગવાઈઓનુ પણ આ કામે પાલન થયેલ છે.

૧૯.૨ આ નોટીસ મળ્યા બાદ, આરોપીએ દિન–૧૫માં ફરિયાદીને કોઈ નાણાં ચુકવ્યા હોય તેવો પણ તેમનો કોઈ બચાવ નથી જે ધ્યાને લેતાં એવુ કહી શકાય કે અધિનીયમની કલમ ૧૩૮(સી) ની જોગવાઈઓનું પણ પાલન થાય છે.

૧૯.૩. આંક–૦૧ ની ફરિયાદ ધ્યાને લેતાં, હાલની ફરિયાદ તા.૧૧–૧૦–૨૦૧૭ ના રોજ દાખલ કરવામાં આવેલ છે જે નોટીસ મળ્યાની તારીખથી અધિનીયમની કલમ ૧ ૪૨(બી)માં જણાવેલ સમય મર્યાદા ગણવામાં આવે તો હાલની ફરિયાદ પણ સમય મર્યાદામાં કરવામાં આવેલ છે.

૨૦. વધુમાં, આ કામે કેસનું રેકર્ડ જોવામાં આવે તો પક્ષકારો વચ્ચે સમાધાનના પ્રયત્ન થયેલ છે. આ કામે તા.૦૪–૧૦–૨૦૧૮ તથા તા. ૨૩–૧૦–૨૦૧૮ના રોજ સમાધાન પુરસીસ પણ રજૂ થયલ છે. કેસનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આરોપી ધ્વારા ફરિયાદીને આશરે રૂ.૨૭,૦૦૦/– ચુકવી આપવામાં આવેલ છે. આ હકીકત બાબતે ફરિયાદી તરફે પણ કોઈ વિવાદ નથી. આમ, આ કેસ જે સમાધાનની પુરશીશો રજુ થયેલ છે ત ધ્યાને લેતાં આરોપીની વર્તણૂંક પણ કેસનાં રેકર્ડ ઉપર આવે છે અને સદર વર્તણૂંક ફરિયાદીનાં કેસને સમર્થનકારી છે.

૨૧. ઉપરોકત ચર્ચાને અંતે, અત્રેની અદાલત એવાં તારણ પર આવે છે કે હાલના કેસમાં આરોપી વિરુધ્ધ અધિનીયમની કલમ–૧૩૮ના ગુન્હા માટે તમામ જરૂરી તત્વો આકર્ષીત અને પુરવાર થાય છે અને પરિણામે, આરોપીએ અધિનીયમની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે તે નિ:શંક પણ પુરવાર થાય છે. <u>*આથી, મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે*</u>.

<u>મુદ્દા નં. ૨ :–</u>

૨૨. ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં તેમજ મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવેલ હોય, અત્રેની અદાલત આરોપીને અધિનીયમની કલમ–૧૩૮ મુજબના ગુન્હા માટે તકસીરવાન ઠરાવે છે.

૨૩. સજા અંગે સાંભળ્યા. ફરિયાદી તરફે રજુઆત છે કે આરોપી વિરુધ્ધ ગુન્હો પુરવાર થતો હોય, તેઓને મહત્તમ સજા કરવી જોઈએ. આરોપી તરફે રજુઆત છે કે આરોપી સામાન્ય સ્થિતિનાં અને કુટુંબની જવાબદારીવાળા વ્યકિત છે જે હકીકત લક્ષમાં લઈને આરોપીને ન્યુનત્તમ સજા કરવી જોઈએ.

૨૪. અધિનીયમની કલમ–૧૩૮ની જોગવાઈ ધ્યાને લેતાં, આરોપીને બે વર્ષ સુધીની સજા અથવા ચેકની રકમની બમણી રકમ સુધી દંડ અથવા તો બંને પ્રકારની સજા કરી શકાય તેવી જોગવાઈ છે. આ કેસની હકીકતો, સંજોગો, લેણાંનો પ્રકાર ધ્યાને લેતાં, ફરિયાદીને નાણાંનું નુકશાન થયેલ છે તેમજ તેઓના ભંડોળની પ્રવાહીતાને પણ અસર થયેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ પ્રકારના કેસોમાં ફરિયાદીને યોગ્ય વળતર આપવું જોઈએ કે જેથી તેઓને યોગ્ય વળતર મેળવવા અન્ય ન્યાયિક પ્રક્રિયાનો સહારો ન લેવો પડે. અત્રેની અદાલતને એ નોંધવુ પણ યોગ્ય જણાય છે કે આ પ્રકારના કેસો ચાલતાં જે સમય પસાર થાય છે તેમાં દિવાની દાવાની સમય મર્યાદા પણ વીતી જતી હોય છે અને તે સંજોગોમાં ફરિયાદી પાસે યોગ્ય વિકલ્પો પણ રહેતાં નથી. આમ, આ કેસની તમામ હકીકતો અને નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ આરોપી વિરુધ્ધ કલમ–૧૩૮ નો ગુન્હો નિ:શંકપણે પુરવાર થયેલ હોય ત્યારે અત્રેની અદાલતને વળતર પણ આપવાના વ્યાજબી અને ન્યાયોચિત્ત કારણો જણાઈ આવે છે.

૨૫. પરિણામે, અત્રેની અદાલતને નીચે મુજબનો આખરી હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત્ત જણાઈ આવે છે.

-:: આખરી હુકમ ::-

૧. ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ-૨૫૫ (૨) ની જોગવાઈ અન્વયે આ કામના આરોપી **હરીવદન ભાસ્કરભાઈ ભટ્ટ**, ઉ.વ. પુખ્ત, ઠેકાણું : ઘર નંબર : ૨૦૨૩, ઢાળની પોળ, આશાપુરી માતાનો ખાંચો, આસ્ટોડીયા દરવાજા, અમદાવાદનાઓને વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ-૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવીને ૬ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ-૩૫૭(૩) મુજબ આરોપીએ ફરિયાદીને આ હુકમની તારીખથી એક માસમાં રૂા. ૧,૩૫,૦૦૦/- (એક લાખ પાંત્રીસ હજાર પુરા) વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને વળતરની રકમ ચુકવવામાં કસુર કર્યેથી વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૩. ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ -૩૬૩(૧) અન્વયે આ ઠરાવની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૬ મી માહે- જાન્યુઆરી, સને-૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૬-૦૧-૨૦૨૦ *(રાજેન્દ્ર એચ. પ્રજાપતિ)*
સ્થળ : અમદાવાદ *એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ*
નેગો.ઈ. એક્ટ કોર્ટ નં. ૩૨ , અમદાવાદ.
(જીજે-૦૦૮૮૯)